RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/ Valid Upto 31-12-2018

Book-Post

અંધ, અપંગ, બહેરા-મૂંગા, મંદબુધ્ધિ તથા કુષ્ઠરોગીઓને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

ઓળંગે ગિરી પાંગળો

Press For Disable

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

M.No. 97260 43911, 9427958711

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૨ ● અંક : ૨-૩ ● ઓક્ટો-નવે- -૨૦૧૫ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● આજીવન લવાજમ રૂા.૧૦૦૦/- ● પાના - ૪

પત્ર વ્યવહારનું સરનામુ :- મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.નં. ૩૮૨૮૬૦ ઈ-મેલ : viklangmitra@yahoo.com

**વિકલાંગ મિત્રનું ગૌરવ**

## પ.પૂ. મોરારીબાપુના પાવન સાંનિધ્યમાં ભરતભાઈ પટેલનું ભાવનગર ખાતે સન્માન




## નેશનલ એસો. ફોર બ્લાઈન્ડ ઈન્ડિયાના પ્રમુખપદે શ્રી ભાસ્કરભાઈ મહેતા ચુંટાયા



નેશનલ એસોસીએશન ફોર બ્લાઈન્ડ ઈન્ડિયાની તાજેતરમાં મુંબઈ ખાતે યોજાયેલી ચુંટણીમાં ઈડરના પ્રજ્ઞાચક્ષુ પ્રોફેસર અને અગ્રણી વિકલાંગોના કર્મશીલ શ્રી ભાસ્કરભાઈ મહેતા વિજયી બન્યા છે. દેશમાં ૨૫ રાજ્યમાં ૭૫ જિલ્લા શાખાઓ તથા ૧૫ તાલુકા શાખાઓ દ્વારા પ્રજ્ઞાચક્ષુઓની સેવા કરાઈ રહી છે. એસોસીએશનના અન્ય પદ માટે યુસુફભાઈ કાપડીયા, દાહોદ, તારકભાઈ કે. લુહાર અમદાવાદ, પ્રફુલ્લભાઈ વ્યાસ ધોરાજી, પ્રકાશભાઈ મંકોડી જામનગર અને પુટરમલ પોરવાલ અમદાવાદ



શિશુ વિહાર, ભાવનગરમાં નાગરિક સન્માન સમારંભમાં માનવ જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ તરફથી રૂા. ૧૧,૦૦૦-૦૦ નો ચેક અને ઈબ્રાહીમભાઈ કલાણિયા ફાઉન્ડેશન, મહુવા તરફથી રૂા.૧૧,૦૦૦-૦૦ રોકડા પ.પૂ. મોરારીબાપુના પાવન સાનિધ્યમાં વિકલાંગ મિત્રના તંત્રીશ્રી ભરતભાઈ પટેલને અર્પણ કરવામાં આવ્યા હતા.

આ નાગરિક સન્માન સમારંભમાં શ્રી અરૂણભાઈ દવે લોકભારતી સણોસરા, દેવીબેન, શ્રમ મંદિર સિંધરોટ, દીપ્તી-રાજુ કોબા, શ્રી કે.એલ.ત્રિવેદી કેન્સર હોસ્પિટલ અમદાવાદ અન શ્રી ઈસ્માઈલભાઈ કલાણિયા ગ્રામનિર્માણ સમાજ, મહુવાનું પણ વિશિષ્ટ રીતે સન્માન કરવામાં આવ્યું હતું. લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ, ભૂજના હેમેન્દ્ર જણસારીને માનવ જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ તરફથી રૂા. ૧,૦૦,૦૦૦-૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો અને બીજા આઠ વ્યક્તિઓને રૂા. ૧૧,૦૦૦-૦૦ના ચેકો અર્પણ કરવામાં આવ્યા હતા. શ્રમ મંદિર, સિંધરોટને ચાર લાખથી વધુની રકમનો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે માનવ જ્યોત, મુંબઈના કુલિનકાન્તભાઈ તથા ટ્રસ્ટીગણ, શિશુવિહાર, ભાવનગરના પૂ. પ્રેમશંકરદાદા, ડૉ. નાનકભાઈ ભટ્ટ, ટ્રસ્ટીગણ અને કાર્યકરો તથા આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માનવ જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ,મુંબઈ “વિકલાંગ મિત્ર”ને દર વર્ષે મદદ કરે છે. આ વખતે જાહેર સમારંભમાં મદદ કરી “વિકલાંગ મિત્ર”ને જે સહયોગ કર્યો છે, તે બદલ મા.શ્રી કુલિનકાન્તભાઈ લુઠિયા અને તમામ ટ્રસ્ટીઓનો “વિકલાંગ મિત્ર” પરિવાર આભાર માને છે અને ધન્યવાદ પાઠવે છે. ●

એસોસીએશનના અન્ય પદ માટે યુસુફભાઈ કાપડીયા, દાહોદ, તારકભાઈ કે. લુહાર અમદાવાદ, પ્રફુલ્લભાઈ વ્યાસ ધોરાજી, પ્રકાશભાઈ મંકોડી જામનગર અને પુટરમલ પોરવાલ અમદાવાદ વિજયી બન્યા છે. તમામ પ્રજ્ઞાચક્ષુ વિજેતાઓને વિકલાંગ મિત્ર પરિવાર અભિનંદન પાઠવે છે. ●

## ફ્રા ઈન્ટરનેશનલ દ્વારા રાસ-ગરબાનું આયોજન સંપન્ન

ફ્રા ઈન્ટરનેશનલ અમદાવાદ ૨૦૧૧થી વિકલાંગો માટે ખાસ રાસ-ગરબાનું આયોજન કરે છે. તા. ૧૮-૧૦-૨૦૧૫ના રોજ નીરવ પાર્ટી પ્લોટ, નવા વાડજ અમદાવાદ ખાતે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦૦ વિકલાંગજનો ને તેમના ૨૦૦ વાલીઓ સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી રમણલાલ વોરા, કેબીનેટ મંત્રી, ગુજરાત સરકાર, બાબુભાઈ પટેલ, ધારાસભ્યશ્રી, અશોક વાઘેલા કાઉન્સીલર રાણીપ, ડૉ. જનકભાઈ શાહ, પ્રોફેસર, શ્રી ભાસ્કરભાઈ મહેતા અને અન્ય મહેમાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ભોજનની અને પ્રોત્સાહક ઈનામોની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ રાસ-ગરબાનું મનોરંજન કુશ બેંકર તરફથી હતું. આ રાસ-ગરબામાં આવેલ દાન વિકલાંગોના બાળકોના શૈક્ષણિક ખર્ચમાં વાપરવામાં આવે છે. આ રાસ-ગરબાના કાર્યક્રમને સફળ બનાવવામાં પૂજા સંઘવી અને તેમની એક્ટીવ ટીમને ફાળે જાય છે. ● - અહેવાલ : જ્યોત્સના સુથાર

## વિકલાંગો માટે ૪૮૦૦ ઈમારતોમાં સુવિધા

દેશમાં અંદાજે ૨-૬૮ કરોડ વિકલાંગ છે. જેમને ધ્યાનમાં લઈ સરકારે મહત્વની ૪૮૦૦ ઈમારતો જેવી કે તમામ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, ૭૫ રેલવે સ્ટેશનો, ૨૫ ટકા જાહેર પરિવહનની બસો અને ૩૦૦૦ સરકારી વેબસાઈ અને ડિસેબલ અથવા ફીઝીકલી હેન્ડીકેપ્ડ લોકો માટે સાનુકુળ બનાવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. એક્સેસિબલ ઈન્ડિયા કેમ્પેઈન અંતર્ગત ૪૮ શહેરોમાં ઓછામાં ઓછા ૧૦૦ મહત્વના સરકારી બિલ્ડીંગનું ઓડિટ કરશે અને તેમને સાનુકૂળ સુવિધાથી સજ્જ બનાવી દેશે. આ માટે જુલાઈ-૨૦૧૬ સુધીની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. ●

## એ વાતનું તો દુઃખ છે...

વિકલાંગ છું એ દુઃખ સહી ગયો,
સહતાં-સહતાં ભૂલી પણ ગયો,
ભૂલતાં-ભૂલતાં જીવી પણ ગયો,
જીવતાં-જીવતાં હસી પણ ગયો,
દુનિયાને એ વાતનું તો ભારે દુઃખ છે,
વિકલાંગ છું છતાં હું હસી ગયો.

- મનોજ પટેલ, મહેસાણા

સર્વે વાંચકો, શુભેચ્છકો, વિજ્ઞાપન દાતાઓને
નૂતન વર્ષાભિનંદન સહ પ્રણામ
નવા વર્ષે પણ આપનો એ જ
પ્રેમ, હૂંફ, સહયોગ આપવા
વિનંતી છે.
- તંત્રીશ્રી


HIGH TECHNOLOGY ARTIFICIAL LIMBS
AND LIMB SUPPORTS
ENDOLITE INDIA LTD
A PROSTHETIC & ORTHOTIC SERVICE PROVIDER COMPANY




कृत्रिम अंग केंद्र
PROSTHETIC AND ORTHOTIC SERVICES

Our Motto
"The Patient First"

endolite
get busy living

ISO-9001 REGISTERED
DNV
MGMT.SYS. RvA C024

AHMEDABAD : GF-7, Madhur Complex, Opp. Shreeji Palace, Near Navrang High School, Nr. Darpan Six Road, opp. Pavan Motors Naranpura, Ahmedabad-380 013. Tel.: 079-27683472, M.: 0-9328925860 Fax: 079-27683312,

Join us on www.facebook.com/endoliteindialtd

E-mail : info@endoliteindia.in

CUSTOMER CARE NO.: 011-45689955
(CIN : U74899DL1995PLC074425)

Website : www.endoliteindia.com

## સુવિચાર

● શુભ કામ અડગ વિશ્વાસથી શરૂ કરો. ધીરજ અને વિશ્વાસ રાખજો, એ પૂર્ણ થશે જ.

● જિંદગી જીતવા માટે જોખમ લો, જીતશો તો ખુશ થશો અને હારશો તો ડાહ્યા થશો.

● બધું જ આપણી પાસે હોય, પરંતુ આત્મવિશ્વાસ જ ન હોય તો કોઈ કાર્ય સફળ ન થાય.

● મેદાનમાં હારનારા હજી જીતી શકે છે, પણ મનથી હારી ચૂકેલાઓ માટે વિજયના દરવાજા કાયમ બંધ થઈ જાય છે.

## કેન્દ્રીય નોકરીમાં વિકલાંગોને વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટ

તમામ પ્રકારના વિકલાંગોને કેન્દ્ર સરકારની નોકરી મેળવવા માટે વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટ આપવામાં આવી છે. આ નવો નિયમ ડિપાર્ટમેન્ટ ઑફ પર્સોનલ એન્ડ ટ્રેઈનીંગ દ્વારા બહાર પાડવામાં આવ્યો છે. વય મર્યાદામાં આ છૂટછાટ સાથે એ શરત રખાઈ છે કે નોકરી લેતી વખતે અરજદારની ઉંમર ૫૬ વર્ષ પાર કરી ગઈ ન હોવી જોઈએ.●

## વિકલાંગો માટે વિન્ડો સીટ

દરેક વિમાનમાં બે વિન્ડો સીટ વિકલાંગો માટે રીઝર્વ હશે. યાત્રા દરમ્યાન તેના નુકશાનની ચુકવણી પણ એરલાઈન્સ કરશે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે આ આદેશ જાહેર કર્યો છે. ●


## નૂતન વર્ષાભિનંદન



**પટેલ નારણભાઈ જીવણદાસ (માટીવાળા)**

રેતી, કપચી, ગ્રીટ, સિમેન્ટના જથ્થાબંધ વહેપારી

**ફર્મ : હરસિદ્ધ ટ્રેડર્સ, સ્વસ્તિક ટ્રાન્સપોર્ટ**

સ્થળ :- ૧૫, કેશવપ્લાઝા કોમ્પલેક્ષ, આસ્થા પેટ્રોલ પંપ પાસે, હાઈવે, વિજાપુર-૩૮૨૮૭૦, જિ. મહેસાણા

મો.નં. : ૯૪૨૬૮ ૩૭૨૬૦, ૯૭૨૭૭ ૭૩૫૧૯




## નૂતન વર્ષાભિનંદન








શ્રી રાજુભાઈ એસ. પટેલ (ભાણપુરવાળા)
ચેરમેનશ્રી,

# ઉત્તર ગુજરાત ફર્ટિલાઈઝર ડીલર વેલ્ફેર એસોશીયેશન, વિજાપુર




Visit us at
ITMA Milan
Hall 1, Stand B 113
ITMA 2015
EXCELLENCE IN
WEAVING PREPARATORY
PRASHANT GAMATEX
High tech sectional warping machine, Creel
and single end warping machine
Technical collaboration with Gamatex s.r.l., ITALY
PWP PRASHANT WEST POINT
Sizing machine, Direct warper, V creel,
Rope dyeing and Indigo slasher dyeing
Joint venture with West Point, USA
PRASHANT FERBER



**ferber** PRASHANT FERBER

Motorized and manual warp beam handling and storage systems, Winding, Storing
Joint venture with Ferber s.r.l., ITALY



**ROSTONI** PRASHANT ROSTONI

Warping machine for warp knitting, Direct warpers for man-made and technical fibres, Beaming machine, Draw warping and Draw sizing line.
Joint venture with Rostoni Machine s.p.a., ITALY

www.brandaid.in



# PRASHANT GROUP

Plot No. 4, Phase - 1, G.I.D.C. Estate, Vatva, Ahmedabad - 382 445, India.
Tel: +91-79-2583 0603 / 2583 3384 / 2589 1779, Fax: +91-79-2589 4020
E-mail: gamatex@prashantgroup.com



www.prashantgroup.com



PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA, PIN-382860 EDITOR : BHARATBHAI R. PATEL